# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## અંબુભાઈ પુરાણી વ્યાયામ વિધાલય ખાતુ

ઓફીસ ફોન નં.-૦૭૯-૨૫૪૫૩૫૯૧

## જીમ્નેશિયમ,સ્કેટીગ,સ્પોર્ટસ સંકુલના સભ્ય પદ માટેનું ફોર્મ

ફોર્મ નં.-

---

❖ **જીમ્નેશિયમ/સ્કેટીગ રીક/સ્પોર્ટસ સંકુલ :-................................**

અરજદારના (૨) ફોટા

- અરજદારનું નામ :-.......................................................
- પુરું સરનામુ :-.......................................................
  .......................................................
- જન્મ તારીખ :-..............ઉમર :-......વર્ષ ......ઉંચાઇ :- ........ફુટ/મીટર
- મોબાઇલ નં. :-.......................ઇ-મેઇલ :-......................
- ઓફિસ :-............................ઘર :-...........................

**<u>સભ્યપદ નો પ્રકાર (√)</u>**

| વાર્ષિક-ફી | રૂા- | નવ માસિક-ફી | રૂા- | છ માસિક-ફી | રૂા. | ત્રિમાસિક-ફી | રૂા. |
|---|---|---|---|---|---|---|---|

| પ્રવૃતિ | | પ્રવૃતિ સમય | |
|---|---|---|---|

| પુરુષ/(M) | | સ્ત્રી (F) | |
|---|---|---|---|

વાલીની સહીઃ-............................     અરજદારની સહીઃ-...........................

તારીખઃ- / /૨૦     તારીખઃ- / /૨૦

**(સ્કેટીંગ,ચેસ,ટેબલ ટેનિસ ,કેરમ માટે**
**૧૮ વર્ષ થી નીચેના અરજદાર માટે)**

જીમ,સ્કેટીંગ,સ્પો.સેન્ટરનો સિક્કોઃ-...............

કોચની સહી :-...............................

કોચનુ નામઃ-.................................

...........................................
નાણાં લેનારની સહી/સીવીક સેન્ટરનો સિક્કો

**<u>અરજદારના શારિરીક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર-(ફકત જીમ્નેશિયમ માટે)</u>**

આથી પમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુ.......................................................ની દાકતરી તપાસ મે તા..................ના રોજ કરેલ છે. તેઓ અં.પુ.મ્યુ.વ્યા.વિ.સંચાલિત બારબેલ વ્યા.શાળામાં કસરત કરવા માટે જરૂરી શારીરિક/માનસિક યોગ્યતા ધરાવે છે/ધરાવતા નથી.તેઓને શરદી અથવા ફલુ/કમળો/જાતીય રોગ તથા ત્વચાનો રોગ/ફેફસાનો ક્ષય/મૂત્ર રોગ/કુમિરોગ/મરડો/ચકકર તથા વાઇ/હૃદય તથા શ્વસન રોગ/બીજારોગ જેથી જીંદગીને જોખમ રહે તેવી બિમારી હોવાનું માલુમ પડેલ નથી.

ડોકટરનું પૂરુ નામ :-     ડોક્ટરનો સહી/સિક્કો
રજીસ્ટ્રેશન નં. :-     રજીસ્ટ્રેશન નંબર સાથે
સરનામુ :-     ફોન નં. :

.......................................................................................................

પ્રવેશ ફોર્મ અ.મ્યુ.કો.ની વેબસાઇડ www.ahmedabadcity.gov.in પર ઉપલબ્ધ છે.

# *પ્રવેશ માટેના નિયમો*

૧.કોઇ પણ વ્યકિતને નાતજાતના કોઇપણ પ્રકારના ભેદભાવ સિવાય છાપેલા નિયત અરજી ફોર્મ(રૂા.૧૦/- અંકે રૂા.દસ )સાથે જરૂરી દાખલ ફી પૂરેપૂરી ભર્યા બાદ વ્યાયામ શાળામાં પ્રવેશ આપવામાં આવશે.

૨.અરજી ફોર્મ સિવીક સેન્ટર પરથી તેમજ અ.મ્યુ.કો.વેબસાઇડ www.ahmedabadcity.gov.in પરથી ડાઉન લોડ કરી મેળવવાનું રહેશે.

૩.મ્યુ.વ્યાયામ શાળા(૧) સરદાર બ્રીજ જમાલપુર,(૨)રખિયાલ વ્યા.શાળા,(૩)ગિરધરનગર વ્યા.શાળા,(૪)શાહપુર વ્યા.શાળા,(૫) કાંકરીયા વ્યા.શાળા,(૬)મણિનગર વ્યા.શાળા,(૭) સોદાગરની પોળ જમાલપુર વ્યા.શાળા (૮)દુધેશ્વર વ્યા.શાળા ના ઉપયોગ માટે વાર્ષિક ફી ભાઇઓ રૂા.૧૫૦/-અને બહેનો માટે રૂા.૭૫/- એક સાથે ભરવાના થશે. ૧ લી એપ્રિલ થી ૩૧ માર્ચ સુધીનું વર્ષ ગણવામાં આવશે.અધવચ્ચેથી સભ્ય થનારને આખા વર્ષની ફી ભરવાની રહેશે.

૪.ખાડિયા,ઇસનપુર,વેજલપુર,કાલુપુર,દરિયાપુર,વાસણા,સાબરમતી,ચાંદખેડા,નવાવાડજ,પરીમલગાર્ડન,એલિસબ્રીજ,બોડકદેવ,નિકોલ,સરસપુર,બાગેફિરદોસ, ભાઇપુરા,સરદાર પટેલ.સ્ટેડિયમ,સૈજપુર,કુબેરનગર,ગોમતીપુર,હાજીપુરા ગાર્ડન,રાણીપ,ખોખરા,નરોડા મુઠિયા,રાયખડ,ઘાટલોડીયા વ્યા.શાળા તથા શાહીબાગ મહિલા વ્યા.શાળાની ત્રિમાસિક ફી ભાઇઓ રૂા.૧૫૦/-અને બહેનો માટે રૂા.૭૫/- તથા વાસણા ,પાલડી ,ઇસનપુર સ્કેટીંગ રીક તથા પુષ્પકુંજ સ્પોર્ટસ સંકુલની ફી રૂા.૧૫૦/- એક સાથે ભરવાની રહેશે.પરંતુ સ્વેચ્છાએ છ માસિક,નવ માસિક કે વાર્ષિક ફી ભરી શકાશે.

૫.અમુક વ્યકિતને કોઇ પણ કારણસર પ્રવેશ આપવો કે ન આપવો તેની સત્તા પ્રિન્સીપાલશ્રી અં.પુ.મ્યુ.વ્યા. વિ.ની રહેશે.

૬.પ્રવેશ મેળવનાર વ્યકિતઓએ તેમને પ્રવેશ મેળવવા સમયે નિયત કરેલ સમય દરમ્યાન જ વ્યા.શાળાનો ઉપયોગ કરવાનો રહેશે.

૭.વ્યા.શાળામાં સાધનોનો ઉપયોગ કર્યા પછી તેને મૂળ સ્થિતિમાં મૂકવાની જવાબદારી જે તે સભ્યની રહેશે તથા સાધનો અને ફર્નીચર/મિલ્કતને કોઇ પણ પ્રકારે નુકશાન થશે તો તે નુકશાન ભરપાઇ કરી આપવામાં જવાબદારી સાધન વાપરનારની રહેશે.

૮.સંસ્થાના નિયમો અને શિસ્ત વિરુધ્ધની તેમજ ગેરવર્તણૂક કરનારનું સભ્યપદ રદ કરવામાં આવશે અને તેની સત્તા અં.પુ.વ્યા.વિ.ના પ્રિન્સીપાલશ્રીની રહેશે

૯.વ્યાયામ શાળાના સાધનોનો ઉપયોગ નિયત જગ્યાએ જ કરવાનો રહેશે.

૧૦. વ્યા.શાળા પુરુષ(ભાઇઓ) માટે સવારે ૬:૦૦ થી ૧૦:૦૦ તેમજ સાંજે ૫:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધી રહેશે.મહિલા (બહેનો) માટેનો સમય બપોરે ૧ થી ૫ વાગ્યા સુધી રહેશે.જરૂર જણાયે કોઇ પણ બેચના કોઇપણ સમયે સમયમાં ફેરફાર કરવામાં આવશે.જેની સત્તા અ.મ્યુ.કો.ની રહેશે. જે અંગે કોઇ સભ્ય વાંધો લઇ શકશે નહી.

૧૧. વ્યા.શાળાના સભ્ય થનારને ઓળખપત્ર આપવામાં આવશે. તે માટે તાજેતરના પાસપોર્ટ સાઇઝના બે ફોટા પ્રવેશપત્ર સાથે આપવાનાં રહેશે. અને સભ્યપદ મળ્યા બાદ દરરોજ ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે.ઓળખપત્ર જ્યારે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

૧૨.સભ્ય સિવાય કોઇ પણ વ્યકિતને પ્રિન્સીપાલ,વ્યા.વિધાલયના સંમતિપત્ર વગર સાધનોનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

૧૩.પ્રવેશપત્ર સાથે પ્રવેશ મેળવનારે બે પ્રતિષ્ઠિત વ્યકિત તરફથી મેળવેલ સારી ચાલચલગતના પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.(ફોર્મમાં નિયત જગા છે તેમાં સહી સિક્કા કરાવવાના રહેશે.સપૂર્ણ વિગતો ભરવી) સારી ચાલચલગતનું પ્રમાણપત્ર સરકારી ગેઝેટેડ અધિકારીશ્રી અથવા મ્યુ.કોર્પોરેટરશ્રીનું જ લાવવાનું રહેશે.

૧૪.સભ્યોએ કિમતી ચીજ વસ્તુઓ પોતાની સાથે લાવવી નહી છતાં લાવ્યા હશે તો પોતાની સાથે લાવેલ કિમતી ચીજ વસ્તુઓ સાચવવાની જવાબદારી સભ્યોની પોતાની રહેશે.

૧૫.ઉપરોકત નિયમોમાં સંજોગોવસાત કોઇપણ ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા નાણાંકીય (સિવાય) વ્યા.વિધાલય પ્રિન્સીપાલશ્રીની રહેશે.

૧૬.કોઇ પણ પ્રકારનું વ્યસન કરેલ વ્યકિતને વ્યા.શાળામાં પ્રવેશ આપવામાં આવશે નહી.કસરતના યોગ્ય ગણવેશમા જ કસરત કરવાની રહેશે.

૧૭.નક્કી કરેલ જાહેર રજાઓ તથા દર રવિવારે વ્યા.શાળા બંધ રહેશે.

૧૮.સભ્યને વ્યા.શાળામાં કસરત કરવાથી શારીરિક નુકશાન થશે કે જાનહાનિ થશે અથવા તો કોઇ પણ પ્રકારની ઇજા કે નુકશાન થશે તો તે અંગેની કોઇ જવાબદારી અ.મ્યુ.કો.ની રહેશે નહી.સાધનો ચેક કર્યા પછી જ ઉપયોગ કરવા માટે લેવાના રહેશે.

૧૯.ડુપ્લીકેટ આઇડેન્ટીકાર્ડ (ઓળખપત્ર) રૂા.૧૦/- ફી લઇને સીવીક સેન્ટર પરથી કાઢી આપવામાં આવશે.

૨૦.સભ્ય ન હોય તેઓએ સંસ્થામાં પ્રવેશ કરવો નહી.

૨૧.સંસ્થામાં આવતા દરેક સભ્યોએ સ્ટાફ સાથે કોઇપણ પ્રકારની ગેરવર્તણૂક કરવી નહી તેમજ શિસ્ત જાળવવામાં સહકાર આપવાનો રહેશે.

૨૨અ.મ્યુ.કો.દ્વારા ફીમા જયારે વધારો કરવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે જે સભ્યને બંધનકર્તા રહેશે.

૨૩.અ.મ્યુ.કો.દ્વારા વ્યા.શાળાઓ માટે ભવિષ્યમાં જે વહીવટી વ્યવસ્થા કરવામાં આવશે તે તમામ સભ્યોને બંધનકર્તા રહેશે.

૨૪.એક વખત સભ્ય થયા પછી કોઇપણ કારણસર સભ્ય દ્વારા વ્યા.શાળાનો ઉપયોગ બંધ કરવામાં આવશે તો તેઅંગે કોઇપણ વળતર આપવામાં આવશે નહી.

૨૫.કોઇપણ પ્રકારનો ચેપી રોગ ધરાવતી વ્યકિતને વ્યા.શાળામાં પ્રવેશ આપવામાં આવશે નહી.

૨૬.અરજીપત્રમા જણાવેલ નિયત નમૂનામાં અરજદારે પોતાના શારીરિક સ્વાસ્થય અંગે ડોકટરનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ડોકટરી સર્ટીફીકેટ મુજબ જો વ્યકિત શારીરિક યોગ્યતા ધરાવતી નહી હોય તો તેને પ્રવેશ આપવામાં આવશે નહી.

૨૭.વ્યા.શાળામાં પ્રવેશ માટેના ઉપર જણાવેલ તમામ નિયમો અનુ.૧ થી ૨૭ મે ધ્યાન પૂર્વક વાંચ્યા છે અને સમજ્યા છે આથી હુ લખી જણાવું છુ કે દરેક નિયમોનું પાલન કરવાનું હુ બાહેધરી આપુ છુ જો હુ કોઇ પણ નિયમનું ઉલ્લઘન કરીશ તો તે બદલ સંસ્થા મારી સામે જે પગલા લેશે તે મને કબુલ મંજુર છે. તેમજ મારે કોઇપણ વળતર વગર સભ્યપદ ગુમાવવુ પડશે તેની મને જાણ છે.

તા. / /૨૦ અરજદારની સહી